બાળ ગ્રંથાવળી પ્રથમ શ્રેણી ૧

શ્રી રીખવદેવ

લે. ધીરજલાલ ટોકરશી શાહ

બાળ ગ્રંથાવળી પ્રથમ શ્રેણી ૧

શ્રી રીખવદેવ

લેખક અને પ્રકાશક.
હીરજલાલ ટોકરશી શાહ.

અનન્ય વિદ્યાપ્રેમી સદ્દગત શેઠ શ્રી ચમનલાલ
નગીનદાસને આ બાળ ગ્રંથાવળીની
પ્રથમ શ્રેણીનું પ્રથમ પુષ્પ
ભક્તિપૂર્વક ચડાવું છું.

પ્રથમાવૃત્તિ. સંવત ૧૯૮૪
મૂલ્ય રૂ. ૦-૧-૦
પ્રત ૧૦૦૦ સને ૧૯૨૮

ધી નિર્મળ પ્રિન્ટીંગ પ્રેસમાં શિવપ્રસાદ લલ્લુભાઈ ત્રિવેદીએ છાપ્યું.
ઠે. પીરમશારોડ ઉપર—અમદાવાદ.

નિવેદન

જેમ જેમ આપણા સમાજમાંથી સંસ્કારી માતાની ધર્મ ને નીતિને પોષનારી વાતો ઓછી થતી જાય છે તેમ તેમ આપણા બાળકો સંસ્કાર વિહીન બનતા જાય છે. જૈન શાસનનો પ્રભાવ કરનાર યુવકો તો તેજ નિવડી શકે જેને બાળપણથીજ આપણા ધર્મના મહાનપુરુષોનો ચેપ લાગ્યો હોય. એવા મહાપુરુષોના જીવન સાદી ને સરળ ભાષામાં બાળકો આગળ રજુ કરવા મારો આ નમ્ર પ્રયાસ છે. પ્રયત્ન કરવા છતાં મતિદોષને લીધે એમાં ઘણી ભૂલો થવા પણ સંભવ છે. કિન્તુ મને આશા છે કે સજ્જનો ઉદાર હૃદયે એ ભૂલો બતાવીને રહેલી ઉણપ પૂરી કરશે.

આ આખી ગ્રન્થાવળીની યોજના એ પ્રકારની કરી છે કે ગરીબમાં ગરીબ માબાપ પણ પોતાના બાળકો ને ઉપરને લાભ આપી શકે.

શાસનપ્રેમી ભાઇએ પ્રભાવનામાં, પાઠશાળામાં તેમજ યોગ્ય પ્રસંગે આવા પુસ્તકોને મોટા પ્રમાણમાં ફેલાવો કરશે તો આ કામમાં વધારે સરળતા થશે.

શ્રી ચમનલાલ નગીનદાસ વિદ્યાલય
ખાનપુર-**અમદાવાદ.**
આશો સુદ ૯ ૧૯૮૪

ગુણી જનોનો દાસ
ધીરજલાલ ટોકરશી શાહ

શ્રી રીખવદેવ

:૧:

લાખો વરસ પહેલાંની વાત છે. જ્યારે આ દેશમાં ન્હોતાં ગામનગર કે ન્હોતાં પુરપાટણ. સઘળે લીલી કુંજાર ઝાડી. જ્યાં જુઓ ત્યાં અમૃત જેવાં મીઠાં ફળ; જ્યાં જુઓ ત્યાં અમૃત જેવાં મીઠાં પાણી. માણસો આવાં અમૃત ફળ ખાય ને મીઠાં પાણી પીએ. જંગલમાં હરેફરે અને મજા કરે. નહિ કોઇને કજીઓ કે નહિ કોઇને કંકાસ.

જંગલમાં એમ હરેફરે છે અને મજા કરે છે એવામાં આવ્યા હાથીભાઇ. એમની સાથે એક માણસને થઇ દોસ્તી. એટલે હરરોજ તે હાથી પર ચડે ને જંગલમાં ફરે. એ માણસનું નામ વિમળવાહન.

કાળનો મહિમા અજબ છે. ધીમે ધીમે ફળફળાદિ થયાં ઓછાં ને માણસોએ માંડયું લડવા. એક કહે કે મારૂં ઝાડ અને બીજો કહે કે મારૂં ઝાડ. એક કહે એનાં

ફળ હું ખાઉં ને બીજો કહે એનાં ફળ હું ખાઉં. એવામાં નિકળ્યા વિમળવાહન. તે હાથી પર બેઠા છે ને દેવ જેવા શોભે છે. માણસો લડતા લડતા આવ્યા એમની પાસે.

તેઓ કહે, " સાહેબ ! અમારી તકરાર પતાવો. વિમળવાહન કહે, " આ ઝાડ તમારૂં ને આ ઝાડ તમારૂં. જાઓ કોઇ લડશો મા. ખાઓ પીઓ ને મોજ કરો." વિમળવાહન આ સહુ ટોળીના–કુળના સ્વામી થયા એટલે ગણાયા કુળકર.

:૨:

આ વાતને વરસો વીતી ગયા. વિમળવાહન ગુજરી ગયા ને તેમની છ પેઢીઓ પણ ચાલી ગઇ. સાતમી પેઢીએ થયા નાભિ કુળકર. તેમની સ્ત્રીનું નામ મરુદેવા. તેમને રૂપ રૂપના અંબાર ને કંચનની કાયાવાળા દિકરો દિકરી જન્મ્યા. દિરાનું નામ રીખવદેવ ને દિકરીનું નામ સુમંગળા. બંને લાડકોડે ઉછરે છે ને મોટા થાય છે.

:૩:

એક દિવસ દેવી જેવી એક બાળા વનમાં ફરી રહી છે. નથી બિચારીને મા કે નથી બિચારીને બાપ. બીજા માણસો તેને રખડતી જોઇને લાવ્યા નાભિ કુળકર પાસે.

નાભિ કુળકર કહે, " કન્યા બહુ સારી છે. રીખવને પરણાવીશું. આ એક સુનંદા ને બીજી મારી સુમંગળા. "

તે વખતે પુત્રપુત્રી જોડલેજ જન્મતા ને ઉમ્મર થતાં પરણતા. આ વખતના જેવો કળિયુગ થોડાજ હતો ! રીખદેવને પરણાવવાની ધામધુમ ચાલી. બધી તૈયારીઓ થઇ ગઇ ને રીખવદેવ સુનંદા તથા સુમંગળાને પરણ્યા. સઘળે જેજેકાર થઇ રહ્યા. સહુ આનંદમાં વખત પસાર કરે છે.

હવે સુમંગળાને થયું એક પુત્રપુત્રીનું જોડલું. એમનાં નામ પાડ્યાં ભરત અને બ્રાહ્મી. સુનંદાને પણ થયું એક પુત્રપુત્રીનું જોડલું. એમનાં નામ પાડ્યાં બાહુબળી ને સુંદરી. સુમંગળાને બીજા પણ ઓગણપચાસ પુત્રપુત્રીનાં જોડલાં થયાં.

:૪:

હવે તો અમૃત જેવાં ફળોયે ઘટી ગયાં ને અમૃત જેવાં પાણીયે મટી ગયાં. માણસો કંદમૂળ, પાંદડાં, ફળ-ફુલ ને જંગલમાં ઉગેલું અનાજ પણ ખાય. પણ એ અનાજ પચે નહિ. અનાજ ખાય અને દુઃખી થાય. એટલે સહુ આવ્યા રીખવદેવ પાસે. કહે, " સાહેબ! કાંઇ ઉપાય બતાવો, ખાધું પચતું નથી."

રીખવદેવ કહે, "અનાજને હાથથી મસળો, પાણી-માં પલાળો ને પડીઆમાં લઇને ખાઓ. તો અપચો નહિ થાય."

માણસો હવે તેમ કરવા લાગ્યા. પણ થોડા દિવસ થયા ને અપચો ફરીથી શરૂ થયો. એટલે સહુ કહે, " ચાલો રીખવદેવ પાસે; એના સિવાય આપણું કોણ છે? "

સહુ રીખવદેવ પાસે આવ્યા; અને કહે કે "ભગ-વાન્ આપના કહ્યા પ્રમાણે કર્યું પણ અનાજ ખાધું પચતું નથી."

રીખવદેવ કહે, "પલાળેલા અનાજને મુઠીમાં રાખો ને પછીથી ખાજો."

માણુસો કહે "હાશ! હવે નિરાંત થઇ." પણ થોડા દિવસ થયા ને પાછો ફરીથી અપચો થવા લાગ્યો. "હવે કરવું શું?" સહુએ વિચારમાં પડયા. એવામાં થયો પવન! શું પવન! શું પવન! સામસામી ઝાડની મોટી ડાળો અથડાય ને જબ્બર કડાકા થાય. જયાં જુઓ ત્યાં વા ને વંટોળીઓ. જયાં જુઓ ત્યાં ડાળોના કડાકા. એમ ઝાડની ડાળો ખુબ ઘસાણી એટલે થયો દેવતા. એ તો ભડભડાટ સળગવા લાગ્યો.

ભોળા બિચારા માણુસો કહે, "અલ્યા! આ કાંઇક જોવા જેવું આવ્યું. કેવું ઝગે છેને? ચાલો એને ઉપાડી લઇએ." જયાં લેવાને હાથ લંબાવ્યા ત્યાં તો હાથ દાઝયા. "ઓય બાપરે! આતો બહુ ભુંડો!" એમ કહીને સહુ બૂમ પાડવા લાગ્યા. આવ્યા સહુ રીખવદેવ પાસે. કહે, "બાપજી! જંગલમાં કોઇક ભૂત આવ્યો છે તે બધાને બહુ હેરાન કરે છે. માટે એનું કાંઇક કરો."

રીખદેવ કહે, “એને હાથથી અડશો મા. એની આસપાસથી ઘાસ કાઢી નાખજો ને ધીમેથી તેને લાકડાવતી એકઠો કરજો. પછી તમારું પલાળેલું અનાજ એમાં નાંખીને રાંધજો. એ અનાજ ખાશો તો અપચો નહિ થાય.”

માણસો સહુ જંગલમાં આવ્યા ને ઘાસ કર્યું દૂર. ધીમે ધીમે સળગતાં લાકડાં એકઠાં કર્યાં ને બનાવ્યું મોટું તાપણું. પછી પલાળીને પોતાની મુઠીમાં રાખેલાં અનાજ તાપણામાં નાખ્યા ને તે રંધાવાની રાહ જોતા બેઠા. પણ અનાજ તે એમ રંધાતા હશે! થોડી વારમાં બધું બળીને રાખ થયું. પાછું તે શું મળે?

માણસો કહે, “આ તો અલ્યા! બહુ ભુંડો. જેટલું આપીએ છીએ તેટલું ખાઈ જાય છે ને પાછું તો કાંઈ પણ આપતો નથી!” સહુ થયા નિરાશ ને આવ્યા રીખવદેવ પાસે.

રીખવદેવ હાથી પર બેઠા છે. ને દેવા જેવા શોભે છે. તેમણે કહ્યું “લાવો માટીનો લીલો પીંડો.”

થોડી વારમાં પીંડો આવ્યો. રીખવદેવે તે પીંડો હાથીના માથાપર મૂક્યો. ને તેનું સુંદર મજાનું વાસણ

બનાવ્યું. એ વાસણ માણસોને બતાવીને કહ્યું "આવા વાસણ બનાવો ને તેમાં અનાજ રાંધો."

સહુએ હવે તેમ કરવા માંડયું.

:૫:

માણસો વાસણમાં રાંધે છે ને ખાય છે. પણ હવે વાસણો રાખવા કયાં? હવે તો પહેલાંના જેવાં શરીર પણ રહ્યાં નહિ. રાતવરત જંગલી જાનવરોનો હુમલો થાય ને રક્ષણ કરવું પણ ભારે પડે.

રીખવદેવ કહે "આમને હવે ઘર બાંધતાં શીખવું. ઘર વિના નહિ ચાલે." એટલે થોડા માણસોને બોલાવ્યા ને ઘર બાંધતા શીખવ્યું. હવે તો સહુ ઘર બાંધીને જંગલમાં રહે.

પણ ઘર તે એમને એમ શોભે? કાંઈક ચિતરામણ હોય તો ઠીક. એટલે થોડાને શિખવ્યું ચિતરતાં.

હવે થોડા દિવસ ગયાને માણસોને નાગા રખડતાં શરમ લાગી. "કૈંક કપડાં હોય તો સારૂં. શરીર પણ ઢંકાય ને ટાઢ વાય પણ ઓછાં લાગે" એમ વિચાર

કરવા લાગ્યા. રીખવદેવે જાણ્યું કે હવે માણસોને કપડાં વિના નહિ ચાલે. એટલે થોડાને બોલાવીને કપડાં વણતાં શિખવ્યું.

:૬:

આમ ધીમે ધીમે રીખવદેવે લોકોને કળા શીખવી. પણ હવે માણસોનાં મન થયાં મેલાં. જ્યાં જુઓ ત્યાં કજીઓ ને જ્યાં જુઓ ત્યાં લડાઇ. છેવટે માણસો લડી લડીને કંટાળે અને આવે રીખવદેવ પાસે. કહે કે "સાહેબ! હવે તો આ કજીઓ કંકાસ મટે એવું કરો તો સારૂં. કોઇ કોઇનું માનતું નથીને હંમેશાં લડાઇ ટંટા ચાલે છે."

રીખવદેવ કહે "રાજા હોય તો આ બધું મટે." માણસો કહે, "તમે અમારા રાજા."

રીખવદેવ કહે "પિતાજીની રજા સિવાય તે રાજા થવાય? જાઓ પિતાજી પાસે. એ કહે તેમ કરીશ."

બધા નાભિ કુળકર પાસે આવ્યા ને વાત કહી. નાભિકુળકર કહે, "ભલે. રીખવદેવ તમારો રાજા થશે."

સહુ ખુશખુશ બની ગયા ને રીખવદેવ રાજા થયા. રીખવદેવ આ પ્રમાણે સહુથી પહેલા રાજા થયા. એટલે આદિનાથ કહેવાયા.

:૭:

અત્યાર સુધી લોકો ગમે ત્યાં જંગલમાં ઝુંપડાં બાંધીને રહેતા હતા. પણ હવે તો રીખવદેવે એક સુંદર શહેર વસાવ્યું. શહેરને ફરતો મજબુત કોટ બાંધ્યો. અંદર મોટાં મોટાં મકાનો ને મોટી મોટી શેરીઓ બાંધી, મોટી મોટી બજારો બનાવી ને મોટા મોટા ચોક કર્યા.

આ પ્રમાણે ઠેર ઠેર ગામ વસ્યાં ને પુરપાટણ થયાં. જોત જોતામાં તો દેશમાં સઘળે સુધારો ફેલાણો.

હવે તો ખેતી કરે અને અનાજ પકવે. પણ હાથથી તે ખેતી કેટલો વખત થાય? એટલે ગાય, ભેંસ, ઘોડા ઇત્યાદિ જંગલી જાનવરોને પાળતાં શિખવ્યું. તેઓ જાનવર આગળ ખેતી કરાવે ને ગાય ભેંસમાંથી દુધ પણ મેળવે.

જાનવરની મદદથી ખેતી ખુબ થવા લાગી ને પાક પણ ખુબ થવા લાગ્યો. પછી તો એક બીજામાં માલની લેવડદેવડ થઇ ને વેપાર થયો. વેપાર પણ જોતજોતામાં ઘણો વધ્યો.

આ પ્રમાણે બધી જાતનો સુધારો રીખવદેવે દાખલ કર્યો. એટલે તેઓ માનવજાતિના પ્રથમ સુધારક ગણાય છે.

:૮:

હવે આદિનાથ રાજપાટ ભોગવે છે ને આનંદ કરે છે. એવામાં એમને વિચાર આવ્યો કે લોકોને મેં કળાઓ તો શીખવી પણ ધર્મ નથી શીખવ્યો; માટે ધર્મ શીખવું. એટલે રાજમહેલે દાનશાળા માંડીને વરસ સુધી દાન દીધું. કોઇ દીન દુઃખી, કોઇ ગરીબ નિરાધાર જે આવે તે દાન લે અને આશીર્વાદ આપે.

પછી રીખવદેવે પોતાના બધા પુત્રોને જુદા જુદા દેશનું રાજ્ય સોંપી દીધું ને પોતે સંજમ લીધો.

શરીર પર એકજ કપડું. માથું ને પગ ઉઘાડા ન ગણે ટાઢ કે ન ગણે તડકો. બસ જ્યારે જુઓ ત્યારે

ધ્યાન. ગોચરી લેવા જાય પણ માણસો જાણે નહિ કે તેમને શું અપાય.

કોઇ કહે "આ ઘરેણાં લ્યો." કોઇ કહે "આ કન્યા લ્યો." પણ સંજમધારીને એ શું કામના? એમ કરતાં વરસ એક વીતી ગયું; ને રીખવદેવ ફરતા ફરતા હસ્તિનાપુર આવ્યા.

લોકોનાં ટોળેટોળાં આ મહાત્માના દર્શન કરવા પધારે ને પોતાને ઘેર ભોજન લેવાનાં નોતરાં દે. પણ રીખવદેવ કાંઇ બોલે નહિ.

એમ કરતા આવ્યા શ્રેયાંસકુમારના મકાન આગળ. શ્રેયાંસકુમાર રીખવદેવના પુત્ર બાહુબળીના પૌત્ર થાય. શ્રેયાંસકુમારે સાંભળ્યું કે આદિનાથ ભગવાન્ પધાર્યા છે એટલે તેનો હરખ માતો નથી. તે મનમાં વિચારે છે "ધન્ય ઘડી! ધન્ય ભાગ્ય! મારા આંગણે આવા મહાપુરુષનાં પગલાં ક્યાંથી? મારૂં જીવન સફળ થયું." એવામાં આદિનાથ શ્રેયાંસકુમારને ઘેર પધાર્યા. તે વખતે સાધુને લેવા લાયક શેરડીનો રસ પડેલો હતો.

શ્રેયાંસકુમાર કહે, "ભગવાન્ મને પાવન કરો. આ શેરડીનો રસ લઇ મને લાભ લાભ આપો."

આદિનાથ ભગવાને પોતાના બે હાથ મોઢે માંડ્યા ને શ્રયાંસકુમારે શેરડીના રસથી પારણું કરાવ્યું. ધન્ય આવા સુપાત્ર ! ધન્ય આવા દાન દેનાર !

:૯:

આદિનાથ ભગવાનને આ પ્રમ.ણે ફરતા ફરતા દુનિયાનું સાચું જ્ઞાન પ્રાપ્ત થયું. અને તેમણે લોકોને ઉપદેશ દીધો: કોઇ જીવને મારવો નહિ. જુઠું બોલવું નહિ. ચોરી કરવી નહિ. શીયળવ્રત પાળવું. સંતોષથી રહેવું. ખોટાં વ્યસનો પાડવાં નહિ. દેવગુરુની સેવા પૂજા કરવી વગેરે. ઘણા લોકો આ ધર્મ પાળવા લાગ્યા.

આ ધર્મની રક્ષા ને માટે તેમણે ચાર જાતનો સંઘ સ્થાપ્યો. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. આ સંઘને તીર્થ પણ કહેવાય છે. એટલે આદિનાથ પહેલાં તીર્થંકર કહેવાયા.

આવી રીતે ઘણો વખત ઉપદેશ આપીને તેઓ નિર્વાણ પામ્યા.

બોલો રીખવદેવ ભગવાનકી જે ! બોલો આદીશ્વર દેવકી જે !

રીખવદેવ સિવાય બાળગ્રંથાળીના બીજા પુસ્તકોની છુટક નકલનો સવા આનો પડે છે.

સવા રૂપીઓ લવાજમ આપવાથી આખી પ્રથમશ્રેણીના ગ્રાહક તરીકે નામ નોંધવામાં આવે છે.

આખી ગ્રન્થમાળા સં. ૧૯૮૫ના ચૈત્ર સુદી ૧૫ પહેલાં છપાઇને બહાર પડશે.

પુસ્તકો મોકલવાનું ખર્ચ ગ્રાહકને શીર રહેશે.

પુસ્તકનું કદ વિષયને અનુસરી ઓછા વત્તા પ્રમાણમાં થશે પરંતુ તે એક ફૉર્માથી ઓછું નહિ હોય.

પ્રાપ્તિસ્થાન. **શ્રી ચમનલાલ નગીનદાસ વિદ્યાલય**

બેચરલશ્કરીનો બંગલો. ખાનપુર

અમદાવાદ.

એસ. જે. શાહ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

માદલપુર—**અમદાવાદ.**

બાળ ગ્રંથાવળી

પ્રથમ શ્રેણીમાં પ્રગટ થનારા પુસ્તકો

૨ નેમ રાજુલ
૩ પ્રભુ મહાવીર
૪ ધન્નો
૫ શ્રી શાલિભદ્ર
૬ અભય કુમાર
૭ રાણી ચેલણા
૯ ચંદન બાળા
૧૦ ઈલાચી કુમાર
૧૧ જંબુસ્વામી
૧૨ અમર કુમાર
૧૩ શ્રીપાળ
૧૪ મહારાજા કુમારપાળ
૧૫ પેથડકુમાર
૧૬ વિમળશાહ
૧૭ વસ્તુપાળ—તેજપાળ
૧૮ ખેમો દેદરાણી
૧૯ જગડુશાહ
૨૦ ધર્મ માટે પ્રાણ આપનાર મહાત્માઓ
૨૧ ,, ભા. ૨

તૈયાર છે.

જીવવિચારપ્રવેશિકા. ૦-૧-૩